


૧૯૦૭. સરકારી પ્રિન્સ સ્કૂલમાં બે શિક્ષકો શ્રી જીવણલાલ હરિપ્રસાદ દીવાન અને શ્રી બળવંતરાય પરષોત્તમ ઠાકોર કાર્યરત હતા. શ્રી જીવણલાલ દીવાનના ભત્રીજા ચિ. વજેન્દ્ર અને શ્રી બલ્લુભાઈ ઠાકોરના સુપુત્ર ચિ. નરેન્દ્રને એ જ શાળામાં પ્રવેશ આપવાનો ધરાર ઇન્કાર કરવામાં આવતાં બંને શિક્ષકોને સ્વમાન ઘવાયાની લાગણી થઈ. પરિણામે તેઓએ શિક્ષક તરીકે રાજીનામું ધરી દઈને પોતાની જ શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો. સ્વાભાવિક રીતે જ, અંગ્રેજ સરકાર પાસેથી કોઈ જ મદદ નહિ લેવાની હોવાથી તેઓએ પોતાની શાળાનું નામ આપ્યું : પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ. શાળાનો આરંભ થયો ૯ જાન્યુઆરી, ૧૯૦૮ના રોજ ૧૦૨ વિદ્યાર્થીઓ સાથે, ખરાદી માર્કેટના એક મકાનમાં. સમય જતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં મકાન અત્યંત નાનું પડવા લાગ્યું. આથી ૧૯૧૨માં ભદ્ર દરવાજા પાસેની બેલેન્ટાઈન હવેલીમાં વિશાળ જગ્યામાં શાળાનું સ્થળાંતર થયું. મકાનમાલિક દ્વારા ભાડા વધારાની સતત માંગને લીધે શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈએ પોતાની જગ્યામાં પોતાની શાળાનું નવું મકાન બાંધવાનો નિર્ણય કર્યો અને ૧૯૩૮માં કાંકરિયા વિસ્તારમાં હાલની જગ્યાએ શાળાનું સ્થળાંતર થયું.

૧૯૧૯માં રૉલેટ ઍક્ટ પસાર થતાં, મહાત્મા ગાંધીજીએ અસહકારની લડતનો પ્રારંભ કરવાનું નક્કી કર્યું અને શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈ બંને સહૃદયતાપૂર્વક આ આંદોલનમાં જોડાઈ ગયા. મહાત્મા ગાંધીના સૂચનને અનુસરીને તેઓએ મુંબઈ યુનિવર્સિટી સાથેના તમામ સંબંધો કાપી નાંખ્યા અને મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ સાથે શાળાનું જોડાણ કર્યું. એ સમયે ગુજરાત વિદ્યાપીઠ એ વૈધાનિક યુનિવર્સિટી નહિ હોઈ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રતિદિન ઘટવા લાગી. ઘણા વરિષ્ઠ શિક્ષકોએ શાળામાંથી રાજીનામું આપી દઈને હરીફ શાળા શરૂ કરી દીધી. ચિંતાતુર બનેલા શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈએ સરદાર વલ્લભભાઈ પટેલની સલાહ લઈને ફરીથી શાળાનું જોડાણ મુંબઈ યુનિવર્સિટી સાથે કર્યું.

૧૯૩૦માં મહાત્મા ગાંધીએ મીઠાનો સત્યાગ્રહ આદર્યો હતો અને મીઠાના કાયદાનો ભંગ કરવા સારુ દાંડીકૂચ કરી હતી. શ્રી દીવાન અને શ્રી બલ્લુભાઈ બંને સત્યાગ્રહમાં જોડાયા અને જેલમાં પણ ગયા. પોતાની મિલકત અંગ્રેજ સરકાર જપ્ત કરી લેશે તેવી આશંકાથી શાળા પરથી પોતાના માલિકીહક્કો ઉઠાવી લઈને ૧૯૩૨માં જ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ ટ્રસ્ટના નામે પબ્લિક ટ્રસ્ટને હસ્તાંતર કર્યા. તે અગાઉ ૧૯૩૦માં જ શ્રી બલ્લુભાઈએ સાબરમતી નદીના પટમાં મળેલી જાહેર સભામાં ગાંધીજીને ટ્રસ્ટ ડીડ સુપરત કર્યું હતું. ત્યારથી બધી જ શાળાઓનો વહીવટ આ ટ્રસ્ટ જ કરે છે.

૧૯૩૯માં શ્રી બલ્લુભાઈ ઠાકોરનું અવસાન થયું અને પોતાના જીવનભરના સાથીનો અચાનક દેહવિલય, એ શ્રી દીવાન માટે સહન ન કરી શકાય તેવો મોટો ફટકો હતો. આના પરિણામે શ્રી દીવાન ઉપર પક્ષાઘાતનો હુમલો થયો. શાળાની મેનેજમેન્ટે એક વરિષ્ઠ શિક્ષક શ્રી ઠાકોરલાલ દીપતરાય ઠાકોરને શાળાના વહીવટમાં દેખરેખ રાખવા જણાવ્યું. પોતાની નાજુક તબિયત હોવા છતાં પણ શ્રી દીવાને ૧૯૫૨માં પોતાના મૃત્યુપર્યંત શાળામાં હાજરી આપવાનું જારી રાખ્યું. બંને સ્થાપકોની સ્મૃતિ ચિરંજીવી રહે તે સારુ શાળાના ટ્રસ્ટીઓએ ૧૯૫૨માં જ શાળાનું નવું નામાભિધાન કર્યું : 'દીવાન - બલ્લુભાઈ માધ્યમિક શાળા'.

૧૯૪૧માં અમદાવાદમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં અને એલિસબ્રિજ વિસ્તારમાંથી આવતા શાળાના વિદ્યાર્થીઓને કાંકરિયાની શાળામાં હાજરી આપવાની મુશ્કેલી પડવા માંડી. તેમની સુવિધા ખાતર મેનેજમેન્ટે એલિસબ્રિજ વિસ્તારમાં એ જ નામ હેઠળ નવી શાળા શરૂ કરવાનું નક્કી કર્યું અને કાંકરિયાની શાળાના અન્ય વરિષ્ઠ શિક્ષક શ્રી વિઠ્ઠલભાઈ કે. દેસાઈને આ શાળાનો હવાલો સોંપાયો. શરૂઆતમાં શાળા મિલનનગરના ભાડાના મકાનમાં કાર્યરત હતી, પણ ત્યારબાદ ૧૯૫૨માં પાલડીના હાલના સ્થળે તેનું સ્થળાંતર થયું. ૧૯૬૬માં મેનેજમેન્ટે કાંકરિયા અને પાલડી બંને સ્થળોએ પ્રાથમિક શાળાઓ (બાલ મંદિર સહિત) શરૂ કરી. આ બધી જ શાળાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કેળવણી પામી રહ્યા છે અને આ શાળાઓને કેળવણીકારો અને શિક્ષણવિદો તરફથી પ્રશંસા સાંપડી રહી છે. આ શાળાઓ મોટાં હવાઉજાસવાળાં મકાનો, રમતગમતનાં વિશાળ મેદાનો, સુસજ્જ પ્રયોગશાળાઓ અને અદ્યતન શૈક્ષણિક સાધનો ધરાવે છે. એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની જાહેર પરીક્ષાઓમાં સફળ વિદ્યાર્થીઓની યાદીમાં શાળાઓના વિદ્યાર્થીઓ અચૂકપણે મોખરે રહે છે. શિક્ષણેતર પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, સંગીત, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરેમાં પણ શાળાઓના વિદ્યાર્થીઓ ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે. બધી જ શાળાઓ માત્ર અમદાવાદમાં જ નહિ, બલ્કે સમગ્ર ગુજરાતમાં નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ તરીકે વિખ્યાત છે. શાળાઓના મોટાભાગના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની અમીટ છાપ ઉપસાવી છે.